# પાટણ પ્રતિબિંબ

વર્ષ ૭ • અંક ૯ • સળંગ અંક ૮૦ • મુંબઈ • જુલાઈ ૨૦૧૩ • પાના ૧૬ • છૂટક નકલ રૂા. ૨/–

• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર



ટેલિફોન : 2281 1346 • ટેલિફેક્સ : 22811218 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com


## પ્રમુખસ્થાનેથી...

**સ્નેહી સ્વજન,**
**જય જિનેન્દ્ર !**

***નસીબથી વધુને સમયથી પહેલાં કંઈ જ મળતું નથી !***
***પ્રારબ્ધ ને પુરૂષાર્થના સમન્વયથી કંઈ એળે જતું નથી !!***

સમયને કાંડે બાંધી ફરતા આપણે માનીએ છીએ કે સમય વિતાવીએ છીએ પણ કયાં જાણીએ છીએ કે સમય હાથ પકડીને કઈ દિશામાં લઈ જાય છે. **આપણાને વિસ્તારીને વિખેરાઈ જતો આ સમય શું સુચવે છે ?** આ દુનિયામાં કશુંય અઘરૂ નથી હોતું આપણો ડર એને અઘરૂં બનાવી દે છે. **કાંતો આવનાર પળમાં જીવ્યા કરીએ, કાંતો વીતેલી પળનો બોજ ખભે લઈને ફરીએ.** એમાં ને એમાં વર્તમાનની આ પળ પણ ખોઈ બેસીએ છીએ.

દિલમાં જે છબી અંકાયેલી હોય તેના પ્રમાણ હોઈ શકે પ્રિન્ટ નહીં, કોઈને મળવું આકસ્મિક હોઈ શકે, કોઈને ચાહવું આકર્ષણ હોઈ શકે પણ કોઈને પ્રેમ કરવા અનુબંધ સર્જવો ઘટે. પ્રેમ સંબંધમાં ફેરવાય એ પહેલાં ઋણાનુબંધની કૃપા વરસવી આવશ્યક છે. જેની એક પ્રેમભરી નજરની ખેવના કરી હોય એનું ન મળવું સંવેદનાને વેદના તરફ દોરી જાય છે. હક્ક બનતા રહી ગઈ હોય એવી લાગણી વજુદ ગુમાવી બેસે છે. **મનમાં જે ભાવ હોય તે યોગ્ય રીતે અને યોગ્ય સમયે કહેવાઈ જાય તો સંપર્કનું રૂપાંતર સંબંધમાં થાય. જીવનભરના વસવસાને સાચવવા કરતાં કહેવાનું સાહસ કરવું વધુ સારૂં !**

કેટલાક અવાજ સંભળાતા નથી પણ હોય છે. અવાજને ચહેરો નથી હોતો. આપણને અણસાર આપનાર સાદ ભીતરથી પ્રગટે છે. કમનસીબે દુન્યવી અવાજોમાં એ અવાજ ક્યાંક દબાઈ જાય છે.ખાડામાં પડતાં બચાવવાના અનેક નિર્દેષો અંદરથી મળે છે, એને તમે અંતરનો સાદ કહો, દિલનો પોકાર કહો કે આત્માનો અવાજ કહો, એનું કામ આપણને ચેતવણી આપવાનું છે. કેટલીક આંતરસ્ફુરણા, કેટલાક પ્રસંગ, કેટલાક અણસાર અનાયાસે બનતા લાગે પણ એની પાછળ કશુંક પ્રયોજન હોઈ શકે. કેટલાક પ્રસંગ સમજની બહારના હોય છે. **આત્માના અવાજને ઓળખવા બીજા અવાજોને શાંત કરવા પડે.** જેને આ અવાજ સાથે ફાઈન ટ્યુનીંગ થઈ જાય એ જિંદગીના અનેક ફાઈનમાંથી બચી શકે છે.

### સમાજ વિકાસ ફંડ અંતર્ગત મેડીકલ ક્ષેત્રે શિક્ષણ સહાય માટે રૂા. ૨૫ લાખની સખાવત

આપણી સંસ્થા પરિણામલક્ષી રચનાત્મક સેવા, સાધના અને શિક્ષણ ક્ષેત્રે ૧૦૧ પ્રદીર્ઘ વર્ષોથી અનન્ય અને અદ્દભુત કાર્ય કરી રહી છે. સમાજ સુશિક્ષિત હશે તો આર્થિક સધ્ધરતા અને સમૃધ્ધિ આપોઆપ આવશે. પાટણની **ચોધરીની શેરી**ના હાલ **સાંતાક્રુઝ**, મુંબઈ નિવાસી, ધર્મપ્રેમી અને સમયના પાબંદ **શ્રીમતી માલતીબેન પ્રમોદભાઈ ઝવેરીએ** તેમના પતિ **સ્વ.પ્રમોદભાઈ ભોગીલાલ ઝવેરી (સાયબા)**ના આત્મશ્રેયાર્થે તેમની કાયમી સ્મૃતિરૂપે **સંસ્થાને મેડીકલ ક્ષેત્રે શિક્ષણ સહાય માટે રૂપિયા પચ્ચીસ લાખની માતબર સખાવત** સમર્પિત કરેલ છે.

**સ્વ. શ્રી પ્રમોદભાઈ**એ જીવનમાં આત્મબળે પ્રગતિને પંથે અનેક લીલીસુકી જોઈ હતી, જાણી હતી અને માણી હતી. **જીવનની પ્રત્યેક ક્ષણને સેવા અને સાધનાની ક્ષણ બનાવી** પરિવાર માટે વાત્સલ્યની વીરડી બન્યા. અનન્ય બુધ્ધિપ્રતિભા થકી તેઓએ જીવનમાં બેસુમાર પ્રગતિ સાધી **ઔદ્યોગિક ટાયકૂન** તરીકેનો માન મરતબો પણ મેળવ્યો. જમણો હાથ આપે અને ડાબા હાથને ખબર પણ ન પડે એવા ગુપ્તદાનની તેઓ પાસે વણઝાર હતી. સમાજ પ્રત્યેની નિષ્ઠા અને જરૂરતમંદોને સહાય એ તેમનો જીવનમંત્ર હતો.હકારાત્મક અભિગમ સાથે ધાર્મિક અને સામાજિક ક્ષેત્રે તેઓ સતત દાનની ગંગા વહાવતા રહ્યા હતા. તેમના સરળ સ્વભાવી અને આજ્ઞાંકિત એન્જીનીયર સુપુત્ર **શ્રી દેવાંગભાઈ** પણ પિતાશ્રીના નકશેકદમ પર ચાલી રહ્યા છે. સંસ્થા પ્રત્યેની પરિવારની દરિયાદિલી તથા ઋણાનુબંધને બિરદાવી સંસ્થા આભારની લાગણી વ્યક્ત કરે છે.

### રીવોલ્વીંગ ફંડ : (ઉચ્ચ અભ્યાસાર્થે વગર વ્યાજે લોન માટે દાન)

વર્તમાન સંજોગો અને બદલાતા જીવન સમીકરણ વચ્ચે

પ્રગતિશીલ સમયના હમકદમ બનવા મેડીકલ એજયુકેશન માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવાની ભાવનાથી પ્રતિબિંબના માધ્યમે પ્રેરાઈને મંડળના **રીવોલ્વીંગ ફંડમાં રૂા.૫,૦૦,૦૦૦/- શ્રી દુષ્યંતભાઈ વૃજલાલ શાહ (તંબોલીવાડો) અને પરિવાર દ્વારા માતુશ્રી સ્વ.શ્રીમતી કુસુમબેન વૃજલાલ શાહ તથા પિતાશ્રી સ્વ. શ્રી વૃજલાલ જેશંગલાલ શાહ (જાફુજીવાળા)**ની સ્મૃતિમાં તેઓના પરિવાર તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા પ્રત્યેની તઓની આગવી વિચારધારાને બિરદાવી આભારની લાગણી પ્રદર્શિત કરુ છું. **શ્રી વીજુભાઈએ શ્રી પાટણ જૈન મંડળ છાત્રાલય**માં ૧૨ વર્ષ સુધી તથા **શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય,** પાટણમા ૬ વર્ષ સુધી માનદમંત્રી તરીકે સેવા અર્પેલ હતી. મંડળના વિકાસમાં અને વિવિધ પ્રવૃત્તિઓમાં તેઓનો સક્રિય અને ઉમદા સહયોગ રહ્યો હતો.

**શ્રી પાટણ જૈન મંડળ**ની અનેકવિધ પ્રવૃત્તિથી પ્રેરાઈ **કસુંબીયાવાડાના શ્રીમતી પ્રેમલતાબેન તથા શ્રી પ્રતાપભાઈ પૂનમચંદ જસવાએ** સમાજ વિકાસ ફંડ અંતર્ગત **રૂા. ૫,૫૧,૦૦૦/-**ની સખાવત સંસ્થાને અર્પણ કરી છે. આ પૂર્વે પણ **શ્રી પ્રતાપભાઈ**ના પરિવારે સંસ્થામાં તેમ જ અન્યત્ર દાન આપેલ છે. સંસ્થા પ્રત્યેની લાગણી અને સમાજ ઉત્થાનની દીર્ઘદૃષ્ટિથી આપેલ આ સખાવત બદલ હું પરિવારને બિરદાવી અભિનંદન પાઠવું છું.

પાટણના કેશુશેઠના પાડાના હાલ જુહુ, મુંબઈ ખાતે વસવાટ કરતાં **શ્રી કંદર્પભાઈ સેવંતીલાલ ખાંડવાલા** તરફથી તેમના **માતુશ્રી શ્રીમતી તારાબેન સેવંતીલાલ નાથાલાલ ખાંડવાલા**ની કાયમી સ્મૃતિરૂપે મંડળના રીવોલ્વીંગ ફંડમાં ઉચ્ચ અભ્યાસાર્થે શિક્ષણ ખર્ચમાં સહાયરૂપ થવાની શુભ ભાવનાથી **મંડળના રીવોલ્વીંગ ફંડમાં દર વરસે રૂા.૩ લાખ એમ ચાર વર્ષમાં રૂા.૧૨ લાખની દાનની રકમ** આપવાની ભાવના સાથે, શિક્ષણ ક્ષેત્રના કોઈપણ અભ્યાસક્રમમાં જોડાઈ ઉત્કૃષ્ટ પરિણામ લાવી, સમાજના વિદ્યાર્થીઓ સમાજને ભવિષ્યમાં લાભ આપે તેવી તેઓની વિચારધારાને બિરદાવી આભારની લાગણી પ્રદર્શિત કરૂં છું.

**કેન્સર રીલીફ ફંડ માટે દાન :**

આ જ પ્રમાણે **કેન્સર રીલીફ ફંડ ખાતે સંસ્થાને એક સદગૃહસ્થ તરફથી રૂા.૨,૦૦,૦૦૦/-નું દાન પ્રાપ્ત થયેલ છે.** આ ગુપ્ત દાનેશ્વરીની સંસ્થા ભૂરિ ભૂરિ અનુમોદના કરી હાર્દિક અભિનંદન પાઠવે છે, જેઓએ નામ, ઠામ કે પ્રસિધ્ધિની ખેવના કર્યા વગર હસતે મુખે અમોને આવકાર આપી ફાળો નોંધાવી સંસ્થા પ્રત્યે ઋણાનુબંધ સ્વીકારી પૂણ્યાનુબંધી પૂણ્યનું ઉપાર્જન કર્યુ છે.

મિત્રો ! **સ્વાભિમાન સાથે દીર્ઘદૃષ્ટિ, હકારાત્મક અભિગમ અને સંયમ હોય તો તે જીવન મારક નહીં તારક બને છે. રાલ્ફ અમર્સન કહે છે કે, “આપણાં જીવનના મોટા ભાગના દુર્ભાગ્યો આપણે જ આપણાં નસીબ આડે ઉભા રહીને પેદા કરીએ છીએ.”**

સમાજ અને સંસ્થા સાથેના આ મહાનુભાવોના આત્મીય સંબંધો સદ્દભાવના, સૌજન્યશીલતા અને સૌમ્યતાના ત્રિવેણી સંગમની સંસ્થા અભિનંદન પાઠવી ભૂરિ ભૂરિ અનુમોદના કરે છે.

*સપનું નહીં પણ રાત બદલાય છે,*
*મંઝીલ નહીં પણ રાહ બદલાય છે,*
*આશાને જીવંત રાખજો મિત્રો,*
*નસીબ બદલાય કે ન બદલાય !*
*પણ સમય જરૂર બદલાય છે !!*

આભાર.. !

**પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટી**
**શ્રી પાટણ જૈન મંડળ**

## મંડળના સામાન્ય સભાસદો જોગ

**શ્રી પાટણ જૈન મંડળના જે સામાન્ય સભાસદોનું ત્રિવાર્ષિક લવાજમ તા.૩૧-૦૩-૨૦૧૩ ના દિને પૂરું થયેલ છે, તેઓએ તા.૧-૦૪-૨૦૧૩ થી શરૂ થતાં નવા વર્ષ માટેનું ત્રિવાર્ષિક લવાજમ રૂા.૧૫૦/- સમયસર ભરવું જરૂરી છે.**

**મંડળના મુખ્ય કાર્યાલય ઉપરાંત ગોરેગામ તથા રતનનગર અને પાટણ ખાતેના શાખા કાર્યાલયમાં પણ આપશ્રી આપના લવાજમની રકમ ભરી શકો છો.**

❑ માનદમંત્રી (એડમીનીસ્ટ્રેશન)

## પાટણ સમાજનું ગૌરવ

પાટણ **કસુંબીયા વાડા**ના હાલ ગોવાલીયા ટેન્ક સ્થિત **સ્વ.શ્રી ચંપકલાલ ડાહ્યાભાઈ શાહ**ની પૌત્રી તથા શ્રીમતી **વૃંદાબેન તથા શ્રી યોગેશભાઈ શાહ**ની સુપુત્રી **ચિ.રીવા,** મુંબઈ યુનિવર્સિટી દ્વારા એપ્રિલ-૧૩ માં લેવાયેલ એલએલબી ફાઈનલ પરીક્ષા પ્રથમ ક્રમાંકે (ગોલ્ડ મેડલ) સાથે પાસ કરી પરિવાર તથા સમાજનું ગૌરવ વધારેલ છે, તે બદલ હાર્દિક અભિનંદન. ધો.૧૦ આઈસીએસઈ માં કવીન મેરી શાળામાં પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થયા હતા. ગવર્નમેન્ટ લો કોલેજના તેઓ જનરલ સેક્રેટરી રહી ચુકયા છે અને બેસ્ટ સ્ટુડન્ટનો એવોર્ડ પણ પ્રાપ્ત કર્યો છે. ચિ.રીવાની ઝળહળતી શૈક્ષણિક કારકીર્દિની સરાહના કરતા સંસ્થા ગૌરવ અનુભવે છે અને ભવિષ્યમાં પણ તેઓ સિધ્ધિના નવા સોપાન સર કરે એવી શુભેચ્છા વ્યકત કરી અભિનંદન પાઠવે છે.

## વિકલાંગ કાર્યક્રમ અહેવાલ

શ્રી પાટણ જૈન મંડળ વિકલાંગ ઉત્કર્ષ સમિતિ દ્વારા બુધવાર, તા.૨૬-૦૬-૨૦૧૩ ના મેટ્રો થિયેટરમાં સમાજના બાળકો માટે‘સુપરમેન’ ચલચિત્રના શો નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકો તથા વાલીઓ સહિત લગભગ ૩૦ સદસ્યો જોડાયેલ અને ભરપુર મનોરંજન મેળવેલ. ચલચિત્ર બાદ ડીનરનો રસાસ્વાદ માણી સૌ વિખરાયા હતા. શ્રી નિતીનભાઈ શાહે આપણાં ચાહીતા અને પાટણના બાળકોને યાદ કરીને છત્રીનું વિતરણ કરેલ છે. તે બદલ દાતા પરિવારનો આભાર....

❑ વિકલાંગ ઉત્કર્ષ સમિતિ

## તંત્રીસ્થાનેથી...

### Do Your Best Leave The Rest

શૂન્ય મનસ્કે વિચારતા આપણે ખરેખર કયારેય વિચાર્યુ છે કે, આપણે વિચારવાની પ્રક્રિયા બંધ કરી શકીએ ખરા ? હા! હૃદય ધબકવાનું બંધ કરે તો મગજ વિચારવાનું બંધ કરી શકે. મગજમાંથી નકારાત્મક વિચારોને હાંકી કાઢવા જીવન પ્રત્યે હકારાત્મક અભિગમ હોવો આવશ્યક છે. મનગમતી વિચાર સૃષ્ટિ અને શાંતીની અમાપ અનુભૂતિ માટે જીવનમાં રિલેકસેશન અતિ મહત્વનું છે. કષ્ટપૂર્ણ સંજોગો કયારેક ઈન્સોમેનિયા એટલે કે, અનિદ્રાના રોગને આમંત્રે છે. પારિવારીક પ્રશ્નો ધંધાકીય જવાબદારી, આર્થિક ચિંતા કે **ટેન્શનનો સામનો કરવા મેડીટેશન સર્વથા ઉત્તમ ઔષધિ છે**. મનગમતી પ્રવૃત્તિમાં ધ્યાન પરોવવું બહુધા હિતાવહ સાબિત થાય છે. માનસિક શાંતી અનુભવવા સાથે કાર્યક્ષમતામાં પણ આપોઆપ વધારો થાય છે. ચિંતનાત્મક લેખન અને વૈવિધ્યસભર વાંચન, સુગમ અને મનભાવન હૃદયંગમ ગીત-સંગીત અને એકાંત પણ મનને અનેરી શાતા આપી જાય છે. મહાપુરૂષોના તુલનાત્મક જીવન પ્રવાહ આત્માને અનન્ય દિશા દર્શન દર્શાવી જાય છે.

આત્માના અવાજને અવશ્ય સાંભળો, શાંત ચિત્તે મનન કરવાનો પ્રયત્ન કરો અને જો તમે સાચા હોવાની ખાતરી હોય તો નિર્ભયતા પૂર્વક આગળ વધો અને અન્યોને પણ આગળ વધવામાં મદદ કરો. **જિંદગીને ભારરૂપ કે બોઝલ ન બનાવો.** સ્વભાવગત પ્રેમવાળો પોતાની જાતને કે અન્યોને ચાહી શકે છે અને સાચા અર્થમાં લોકો પણ એવી વ્યકિતને પ્રેમ, માન અને સન્માન આપે છે કે જેઓ દીર્ઘ ભાવનાત્મક અને હકારાત્મક લાગણીનો અભિગમ ધરાવતા હોય કે પ્રતિસાદ આપતા હોય.

**ધૈર્ય, આત્મનિર્ભરતા અને આત્મવિશ્વાસ થકી જ જિંદગીના સાચા રૂપ અને સ્વરૂપને નિહાળી કે જાણી અને માણી શકાય છે.** પરિપકવતા, પ્રમાણિકતા, પરિશ્રમ અને શિસ્ત થકી જ જીવનના સાચા મૂલ્યોને સમજી અર્થઘટન કરવું રહ્યું. અન્યોની જાત પ્રત્યેનો પ્રેમ જે વ્યકિત કેળવી શકે તે જિંદગીના પ્રત્યેક પડાવ કે વળાંક ઉપર પોતાની જાતને સ્થિર અને સમતોલ રાખી સાચવી શકે. દીર્ઘદૃષ્ટિ, વિઝન અને શકયતાઓ, સ્વપ્ના, વિશ્વાસ અને પ્રેરણા જો આપણામાં ઠસોઠસ ભરેલી હોય તો આપણે પોતાની જાતને સમૃધ્ધિથી સભર અને રસભર બનાવી શકીએ. માહ્યલામાં રહેતી લાગણી આશકિત નહીં શકિત બનીને ઉભરી આવે.

હાંસિયામાં લખેલા ગમતા નામ પર છેકો મારવાનું બોલપેનનું ગજુ નથી હોતું. પોતાની નોંધ લેવાય એવું ઝંખતી લાગણી જયારે અપેક્ષિત નજરે ચઢતી નથી ત્યારે પ્રેમનું રૂપાંતર પીડામાં અને અપેક્ષાનું રૂપાંતર અધુરપમાં થાય છે.

માનસિક દરિદ્રતાને પરિણામે આપણાં સપના નાના હોય છે. જેના થકી નવસર્જન શકય નથી બનતું માટે આપણા સપના દિવ્ય અને ભવ્ય હોવા જોઈએ. ફુલો, ફાળો, ખીલો અને ખુલો ! પરિણામની પરવા કર્યા વગર ધ્યેય આત્મસાત કરવામાં લાગી જાવ !

આપણું જીવન અને સમાજ વ્યવસ્થા કાલ્પનિક આદર્શો પર રચાઈ છે માટે જીવતરના નાના અધ્યયન અને અનુભવના ખજાનાનો સમુચિત ઉપયોગ કરવા માંડો. જીવનના વિવિધ ક્ષેત્રોમાં આવતા પરિવર્તનના પડઘા ઝીલવાના પ્રયત્નો થકી જ વિકાસનો નીતનવો માર્ગ કંડારી શકાય. ભવિષ્યની આશા અને સપનાના ઉજાસ સાથે મહત્વાકાંક્ષા પૂર્ણ કરવાનો નિર્ધાર અને પ્રયત્નો અચૂક સફળતા અપાવે છે. સર્જનાત્મક જીવન શૈલી અને જવાબદારી આધુનિક યુવાવર્ગ વિસરી રહ્યો છે. મહત્વાકાંક્ષી તથા આત્મવિશ્વાસથી છલોછલ વ્યકિત પાસે સમાજિક કે કૌટુંબીક નિસ્બત હોવી જ જોઈએ. સંઘર્ષ એ જ જીવન છે. તેને સ્વીકારી કાર્યદક્ષતા અને કર્તવ્ય નિષ્ઠાને વળગી રહેવું સાચી નિષ્ઠા સફળતાના સોપાન સર કરાવે છે. **અહમનો ટકરાવ અને અદમ્ય તલસાટનું વાવાઝોડું જીવનને રફેદફે કરી મનને વ્યથિત અને વિક્ષુબ્ધ બનાવે છે.** સ્વભાવ, પહેરવેશ, વાણી, રૂચિ, અરૂચિ અને ફરજ પ્રત્યેની સભાનતા આવડત, સંન્નિષ્ઠતા, પારિવારીક પ્રેમ, હકારાત્મક અભિગમ જીવનનો માર્ગ સરળ અને સફળ બનાવે છે. જયારે **અભિમાનનો અભરખો અસ્તિત્વને અસ્તવ્યસ્ત કરી નાખે છે.** સમજ પડે છે ત્યારે બહુ મોડું થઈ જાય છે.

પરિવર્તન માનવ જીવનનો વણકહ્યો નિયમ છે. વિકાસને નામે આપણે વિનાશને નિમંત્રણ આપીએ છીએ. હાથના કર્યા હૈયે વાગે છે. બીજાઓને દોષિત ગણવાથી કોઈ અર્થ સરતો નથી. સ્પર્ધા અને સફળતાના અતિરેકે આપણા મન ઉપર પગદંડો જમાવ્યો છે. કુદરતી નિતિરીતીને પડકારવાથી અચૂક વિનાશ વેરાય છે. ઘણી વખત કંઈક અમંગળના એંધાણ આપોઆપ મળે છે અને તેથી જ આંતરમનના વિરોધી વિભાવો પર લક્ષ આપવું જરૂરી છે. **નૈતિક સમસ્યા નૈતિક શકિતથી જ ઉકેલી શકાય છે.** સંઘર્ષ અને ઘર્ષણની પરિસ્થિતિને સમજણપૂર્વક આપણે પોતે જ ઉકેલી શકીએ. **ભણતરની ભવ્યતા ત્યારે જ ખીલી ઉઠે જયારે ફરજ પ્રત્યેની સભાનતા ધાર્યા પરિણામો અને પરિમાણો આપી જાય. મન હોય તો માળવે જવાય. કારણ કે ઉર્જાસ્ત્રોત સૂર્ય કયારેય થોભતો નથી. તે ચૈતન્યમયી હોવાને કારણે નીત નવી ચેતના પ્રગટાવવાનું અપૂર્વ સામર્થ્ય ધરાવે છે.**

**❑ સંપાદક સમિતિ**

### શ્રી રાજકાવાડા જૈન સભા સંઘ, પાટણ

રાજકાવાડા, પાટણ નવ મહોલ્લાના, પાટણ અને પાટણની બહાર વસતા દરેક જૈનોને તા. ૨ સપ્ટેમ્બર, ૨૦૧૩થી શરૂ થતા પર્યુષણ પર્વમાં નિશાળના પાડાના જૈન ઉપાશ્રયમાં દસ દિવસ સમૂહ ભોજન, આરાધના, એકાસણા, વ્યાખ્યાન, પ્રતિક્રમણ કરવાનો લાભ આપવા પધારવા આમંત્રણ આપે છે. માદરે વતન પાટણ પધારી શાંતિથી કર્મ ખપાવી પર્યુષણ પર્વ ઉજવવા પાટણ પધારો

### પાટણની હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી ભારતભરમા ૪૮મા ક્રમે

ભારતના સુપ્રસિદ્ધ સામયિક ઇન્ડિયા ટુડે દ્વારા આર્ટ્સ, કૉમર્સ, સાયન્સની ૧૭૦ યુનિવર્સિટીઓના કરાયેલ સર્વેક્ષણમાંથી ૮૫ યુનિવર્સિટીઓ વિશેષજ્ઞોની કસોટીની એરણ ઉપર ખરી ઉતરી છે, જેમાંથી આનંદની વાત એ છે કે આપણી પાટણ ખાતેની **હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી** સૌ પ્રથમ વખત ૪૮મા ક્રમે સ્થાન પામી રાષ્ટ્રીય કક્ષાએ ઓળખ પ્રાપ્ત કરી છે.

# PATAN CO-OP. BANK LTD.

Rasik Nivas, 75, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400 020. **Tele. 22817444 / 22815290**

E-mail : patanbank@yahoo.co.in ● **Telefax : 22816513**

## NOTICE

**( for members only)**

The 32nd Annual General Meeting of the members of THE PATAN CO-OPERATIVE BANK LTD. will be held on 27th September 2013 at 3.00 p.m. at Tarabai Hall, “Shivprasad”, 97 Marine Drive, behind Parsi Gymkhana, below Marine Drive Flyover, Mumbai – 400 002 for the transaction of the following business. Your presence therefore is highly solicited.

## AGENDA

1. To read and confirm minutes of the 31st Annual Meeting held on 9th August 2012;
2. To read and confirm minutes of the Special General Meeting held on 10th April 2013;
3. To review and approve the following proposals :-
   - i. Annual Report for the year 2012-13.
   - ii. Profit and Loss account for the year ended on 31st March 2013;
   - iii. Balance-sheet of the year ended on 31st March 2013;
4. To consider the Report of Statutory Auditor – M/s. Vaishampayan & Padhye, for financial year 2012-13;
5. To appropriate net profit and declare dividend for the year ended 31st March 2013, as proposed by Board of Directors;
6. To approve the Annual Budget for the year 2013-14;
7. To appoint Internal/Concurrent Auditor for the year 2013-14 and authorize Board to fix their remuneration;
8. Any other matter with the permission of the Chair.

**# Dividend will be payable only through standing instruction (account with our Bank) or ECS (account with other Bank).**

**# No physical dividend warrant will be issued.**

**# The members are requested to submit standing instruction or ECS mandate at the earliest.**

**Date : 26th July 2013.**

**By order of the Board of Directors**
**S.V. BHUTA**
**Chief Executive Officer.**

**IMPORTANT NOTE TO MEMBERS :**

1. Members desiring to receive annual report copy are requested to contact any of branch or provide your email I.D. for receiving the annual report by e-mail.
2. This notice should be treated as notice to individual member.
3. If there is no quorum within half an hour after the appointed time, the meeting shall stand adjourned to 3.30 p.m. on the same day and same venue and the agenda of the meeting shall be transacted irrespective of the quorum.
4. Members wishing to offer any suggestion at the Annual General Meeting or ask any question pertaining to the annual report and accounts are requested to write to the Bank atleast 7 days before meeting date i.e. on or before 20th September 2013.
5. Members are requested to intimate any change in name of nominee, office and residential address, status etc. so as to keep our records up to date.
6. Members are requested to collect their dividend for the previous three years, if not collected, to avoid its forfeiture.

(ADVT)

## શ્રી વર્ધમાન જૈન વિદ્યાલય

### પુનમ વિદ્યાર્થીગૃહમાં પ્રવેશ મેળવવા અંગે

શ્રી વર્ધમાન જૈન વિદ્યાલય સંચાલિત માતુશ્રી વિમળાબેન પુનમચંદ દોશી-વલ્લભીપુરવાળા પુનમ વિદ્યાલય-મીરા રોડમાં વર્ષ ૨૦૦૫-૦૬ થી શરૂ છે. મીરારોડ સ્ટેશનથી સાવ નજીક આ વિદ્યાર્થીગૃહમાં શૈક્ષણિક દરેક સુવિધાઓ જેમ કે હવા ઉજાસવાળું ભવન, પૌષ્ટીક ખોરાક માટેનું હાઈજેનીક રસોડું, સેમીનાર, વર્કશોપ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ માટે મલ્ટીપરપઝ હોલ, લાયબ્રેરી હોલ, જીમ્નેશીયમના સાધનો સાથે અભ્યાસયોગ્ય વાતાવરણ માટે ઉત્કૃષ્ટ સગવડ ઉપલબ્ધ છે. ધોરણ ૧૦-૧૨ પછીના ડીપ્લોમા / સ્નાતક, પોસ્ટ ગ્રેજ્યુએટ તથા સી.એ.ના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪ માટેના ફોર્મ તારીખ ૨૫ જુલાઈ ૨૦૧૩ સુધી સ્વીકારવામાં આવશે. પરીક્ષાના પરિણામની રાહ જોયા વગર અથવા કોલેજમાં પ્રવેશ ન મળ્યો હોય તો પણ પ્રવેશપત્ર સમયસર ભરી મોકલવું. પરિણામ મળ્યેથી ગુણપત્રકની પ્રમાણીત નકલ ત્રણ દિવસમાં મોકલી આપવી. મીરારોડ કાર્યાલય પુનમ વિહાર ૧૦૦ ડી.પી.રોડ, સેકટર-૨ ની સામે, શ્રી સ્વામી અયપ્પા મંદિરની પાછળ, શ્રી બાપા સિતારામ મંદિર પાસે, સવારના ૧૧.૦૦ થી ૫.૦૦ દરમ્યાન ફોર્મ મંગાવી શકાશે.

**વધુ વિગત માટે સંપર્ક** : ૨૮૧૦૨૨૪૪, ૨૮૫૫૫૧૬૮

**કાર્યાલય** : ૧૦-બી, બખ્તાવર, નરીમાન પોઈન્ટ, મુંબઈ-૪૦૦૦૨૧.


## મકાન વેચવાનું છે

પાટણમાં ગોળ શેરી વિસ્તારમાં ઢંઢેરવાડાના દરવાજા સામે રોડ પર ત્રણ મજલાનું મકાન વેચવાનું છે. નીચે લખેલ મોબાઈલ નંબર પર સંપર્ક કરો.

MOBILE : 9224426117 ADVT


## પ્રમોદની પ્રિતના પ્રવાસમાં...

કુંજગલીના કેકારવમાં પડઘાતા સ્વર,
સુરમાં તારા સ્વભાવનો પ્રભાવ હતો,
મહેકતી ને ચહેકતી મૃદુ વાણી હતી -
સહીયારા સૂર, તૂ, અમે, આપણે હતા !

માનવીય, મનનીય મહેફીલ હતી,
હૈયે નિતાંત નીતરતી કરૂણા હતી,
ઘનઘોર ઘટામાં ઘેરી ગુંજ તારી હતી,
વરસાદમાં અશ્રુની ખારાશ હતી !

આજે પંખી ચણતા ચણતા ઉડી ગયું,
ઘાત, પ્રત્યાઘાત, આઘાત છોડી ગયું,
ખીલતું ખુલતું જીવન સમેટી લીધુ,
ખાલીપો હતો, ભીની યાદ હતી, અમે હતા !

યાદોના મધુવનમાં ગુલમહોરની શાખે,
સ્મિતના સરવરિયે છબીછબીયાં કરવા,
શાશ્વતીમાં નિર્બંધ બની તરવા -
ચાલ મળીએ યાર !
ક્યારેય વિખૂટા ન પડવા !!

ત્યારે આપણે, માત્ર આપણે જ હોઈશું,
એકમેકને સથવારે સહેવાસમાં,
લાગણીના લીબાસમાં, પ્રિતના પ્રવાસમાં,
ન રચાયેલા ગીતના પ્રવાહમાં.....

મ.ને.


## PATAN CO-OP. BANK LTD.

Rasik Nivas, 75, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400 020. **Tele. 22817444 / 22815290**

E-mail : patanbank@yahoo.co.in ● **Telefax : 22816513**

**Profit (Audited) Rs. 120.75 lacs (as on 31/03/2013)**

WE OFFER

- Rate of Interest on c/c facility from 13% p.a. to 14.50% based on credit rating.
- View facility for a/c transcations on web site.
- SMS-banking facility
- Personalised cheque books
- L/c-Discounting
- Housing & Vehicle Loan
- Net-NPA - `Zero'
- No TDS on members deposits
- RTGS & NEFT- Facility
- Term Loan up to Rs. 50 lakhs to Rs. 1 crore on office place or plant machinery available @12.5 %

(ADVT) **KYC બધી જ બેંકો માટે ફરજિયાત છે. ઘણા ખાતેદારોએ હજુ સુધી KYCની જરૂરિયાતના પેપર્સ આપેલ નથી. તા. ૧૫-૭-૨૦૧૩ પહેલાં પેપર્સ નહીં મોકલાવ્યા હોય તે ખાતેદારોના ખાતામાં રકમ જમા થઈ શકશે, પણ ઉપાડી શકાશે નહીં, જેની ખાસ નોંધ લેવી.**

## વ્યક્તિ વિશેષ : સ્મૃતિ સરિતાને તીરે...

# શેઠ શ્રી ખુબચંદ સરૂપચંદ શાહ

*જેમના થકી સંસ્થાનો ઈતિહાસ ઉજ્જવળ બન્યો છે, એવા વ્યવહાર કુશળ દીર્ઘદ્રષ્ટાના જીવન કવનમાં એક નજર કરીએ. તેમણે કરેલ અદ્દભુત કાર્યોનો વિચાર કરશું તો પ્રગતિના મૂળમાં રહેલ તથ્ય અને સત્યને પામી, તેમની મહાનતાને જાણી શકીશું. ગત શતાબ્દી દરમ્યાન સંસ્થાના ઉત્થાન અને પ્રગતિમાં સહાયભુત થનાર મહાનુભાવોના વ્યકિતત્વનું નિરૂપણ સમયાંતરે આ કોલમ અંતર્ગત આપણે કરીશું.*



માનવીની જિંદગીનું સત્ય અને તથ્ય એ છે કે, તે ભોગવીને ગુમાવે છે અને ઘસાઈને ઉજળો થાય છે. મનુષ્ય માત્રએ તેની જીવન વિણાના તાર એટલા તંગ ન રાખવા જોઈએ જેથી તે તૂટી જાય પરંતુ એટલા ઢીલા પણ ન રાખવા જોઈએ કે તેમાંથી સૂર જ ન નીકળે, જિંદગી સંગીત જ ન જન્માવી શકે તે જિંદગીમાં લય અને તાલની માત્રા કયાંથી સંભવી શકે.

પાટણના પનોતા પુત્ર **શ્રી ખુબચંદ સરૂપચંદ શાહ**નો જન્મ ઢંઢેરવાડો, પાટણ મધ્યે **સરૂપચંદ મગનચંદ**ને ત્યાં હર્યા ભર્યા કુટુંબમાં થયો હતો. તેમના પરિવારમાં બે ભાઈઓ નામે **શ્રી ખેમચંદ સરૂપચંદ** તથા **શ્રી મનસુખભાઈ સરૂપચંદ** હતા. એક બહેન **શ્રીમતી કેસરબેન**ને પાટણ (કનાસાના પાડે) **નાનાલાલ મગનલાલ શાહ**ને પરણાવેલ હતા. શ્રી ખુબચંદભાઈના પિતાશ્રીનું અવસાન નાની વયમાં થતાં તેમના દાદાજી **શ્રી મગનચંદ વખતચંદે** તેઓને બાલ્યાવસ્થાથી ઉછેર્યા હતા.

પ્રાથમિક શિક્ષણ **શ્રી ખુબચંદ સરૂપચંદ શાહે** પાટણમાં જ લીધુ હતું. તે સમયમાં નાની વયમાં ફરજંદોને પરણાવવાનો રિવાજ હતો. તેમની પ્રથમ પત્ની **શ્રીમતી ચંપાબેન**નું પિયર કનાસાના પાડે હતું. તેમને પુત્ર નામે **શ્રી રસિકભાઈ** અને બે પુત્રીઓ નામે **શ્રીમતી પ્રભાવતીબેન** તથા **શ્રીમતી સુભદ્રાબેન** હતા. પ્રથમ પત્નીનું અવસાન થતાં **શ્રી ખુબચંદભાઈ**ના દ્વિતીય લગ્ન **શ્રીમતી મોતીબેન નંદલાલભાઈ (સાયલા-શેઠવાળા કુટુંબ)**ના સુપુત્રી **શ્રીમતી લીલાબેન** સાથે થયા હતા. તેમના થકી તેમને એક પુત્રી નામે **શ્રીમતી નિરૂબેન** તથા સુપુત્ર **શ્રી નવીનભાઈ** છે. જેઓ સંસ્થામાં ઉપપ્રમુખ તથા ટ્રસ્ટી તરીકે સેવા આપી ચુકયા છે.

નાની વયમાં **શ્રી ખુબચંદભાઈ** મુંબઈ આવ્યા. વેપાર કરવાની અખુટ તાલાવેલી હતી. તેમના બન્ને ભાઈઓ તેમની સાથે ઉકત બાબત અંગે સહમત ન હતાં તેથી તેઓ એકલા મુંબઈ આવ્યા. સમાજ કલ્યાણની ઉદાત્ત ભાવના તેઓશ્રીના હૈયે વસેલી હતી. જે અધિકાંશ અવિસ્મરણીય થઈ ગુંજતી હતી.

મુંબઈ આવતા **શ્રી ખુબચંદ સરૂપચંદ શાહ**ની દોસ્તી **શેઠ શ્રી કાંતીલાલ ઈશ્વરલાલ** સાથે થઈ. તેમના ઘરે તેઓ રહેતા. **શ્રી કાંતીભાઈ**ના પત્ની **શ્રીમતી શકુંતલાબેન**, તેઓનું ધ્યાન રાખતા. **શ્રી ખુબચંદભાઈ**ના વિચાર અને વ્યવહારમાં પારદર્શક સ્પષ્ટતા હતી. એકવાર તેમના સંપર્કમાં આવનાર વ્યકિત તેમની સાથે ગાઢ નિકટતા કેળવવા લલચાયા વગર રહેતા નહિ. સેવા, સાધના અને માનવતાના ગુણો તેમને ગળથૂથીમાંથી પ્રાપ્ત થયા હતા.

**શ્રી ખુબચંદભાઈ, શ્રી નેમાણી શેર બ્રોકર**ને ત્યાં શેરબજારનું કામ કરવા લાગ્યા. તેમની દિલ્હી ઓફીસથી એક ચોકકસ કંપનીના બને તેટલા શેરો લેવાનો ઓર્ડર મળ્યો અને પોતાની બુધ્ધિ ચાતુર્ય અને દીર્ઘદ્રષ્ટિપૂર્વક તેમને શેરોની ખરીદી કરી. શ્રી નેમાણી શેઠે પણ તેમની સાથે મોટા પ્રમાણમાં તે શેરો ખરીદ્યા. નસીબે તેમને યારી આપી. તેમના ભાગે આવેલા શેરોમાં તેમને ન ધારેલો નફો થયો. **શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથ**માં અખૂટ શ્રધ્ધા ધરાવતા **શ્રી ખુબચંદભાઈ**એ ત્યાં જઈ રૂા.૪૪૦૦/- માં આરતી મંગળદીવાનો લાભ લીધો. લોકવાયકાએ તેમની જાહોજલાલીની બાંગ પુકારી. નાનાભાઈ **શ્રી મનસુખભાઈ**નું લગ્ન ધામધૂમ પૂર્વક પાટણ મધ્યે કર્યુ.

**શ્રી ખુબચંદભાઈ**ના જીવનમાં ચારિત્ર ઘડતર કેન્દ્રસ્થાને હતું. કાર્ય કરવાની ધગશ અને કુનેહ થકી કોઈપણ વિઘ્નને પહોંચી વળવા તેઓ સક્ષમ હતા. સહજ પ્રવૃત્તિ, સ્વભાવ અને કમિટમેન્ટના ઉમદા ગુણો સાથે તેમનામાં ગજબનો કન્વીન્સીંગ પાવર હોવાથી સત્યાગ્રહમાં બાંધછોડને અવકાશ ન આપતા.

મુંબઈમાં સર હરકિશનદાસ હોસ્પીટલની બાજુમાં બોની બિલ્ડીંગમાં રહેઠાણની જગ્યા લીધી અને પરિવારને મુંબઈમાં લાવી વસાવ્યો. સાંસ્કૃતિક ક્ષેત્રે દેશી નાટક સમાજ અને મોહન સ્ટુડિયોમાં તેઓએ રસ દાખવી ભાગીદારી કરી હતી. સ્વસંવેધતા કે સેલ્ફ અવેરનેસ તેમને મળેલ માનવતાનો સર્વાગ્રહિ ગુણ જ વિચાર વૈવિધ્યમાં સાક્ષાત્કારના એકત્વનો ગુણધર્મ હતો.

**શ્રી ખુબચંદભાઈ**ના કર્મ અને કાર્યમાં, આચારસંહિતા અને શિસ્તમાં ચેતનાનો અદ્દભુત ધબકાર હતો. તેમનામાં જીવન જીવવાના નવરસનો સંચાર સ્પષ્ટ નજરે પડતો. અભિવ્યકિતની શકિત તેઓએ કયારેય ગુમાવી ન હતી. તેમની બહેન **શ્રીમતી કેસરબેન**ના દીકરા **શ્રી કાંતીલાલ નાનાલાલ શાહ**ને તેઓએ કામકાજ અર્થે મુંબઈ તેડાવ્યા. ઘરની વ્યકિત તરીકેનો માનમોભો આપ્યો અને તેમના સમસ્ત પરિવારનું ધ્યાનપૂર્વક જતન કર્યુ જે શ્રી કાંતીભાઈના નિધન પછી પણ ચાલુ રહ્યું.

સકારાત્મક અભિગમ અને વિચારધારા ધરાવનાર શ્રી ખુબચંદ

સરૂપચંદ શાહ તેમની બુધ્ધિમત્તાનો ઉપયોગ સર્વજન હિતાર્થે કરતા. ભ્રમણામાંથી વિમુખ અને વિમુકત રહી વાસ્તવિકતામાં જીવવાનો મહામંત્ર તેઓશ્રીએ અપનાવ્યો હતો. તેમના મહોલ્લાના શેઠ શ્રી હેમચંદ મોહનલાલ ઝવરી મુંબઈના મરીન ડ્રાઈવ પર, પાટણના મધ્યમ વર્ગના ભાઈઓ માટે મકાન બાંધવાની યોજના લાવ્યા તે પાછળનો આશય સમાજના ઉત્કર્ષ માટે સામૂહિક એકતા અને રહેઠાણ યોજના દ્વારા સમાજનો વિકાસ કરવો. મુંબઈની ચાલીઓની રૂમોમાંથી, હવા ઉજાસવાળા ત્રણ રૂમના બ્લોકોમાં અને લીફ્ટની સુવિધાવાળા મકાનોમાં રહી સમાજ સુખી અને સમૃધ્ધ બને તેવી ઉચ્ચતર ભાવના શ્રેષ્ઠીઓના હૃદયમાં હતી.આવા ઉદ્દાત વિચારોને અમલમાં મૂકનાર શ્રી પાટણ જૈન મંડળ પ્રથમ હતું, ત્યારબાદ બીજા સમાજોએ પ્રેરણા લઈ મુંબઈમાં રહેઠાણ યોજનાઓ બનાવી.

શ્રી પાટણ જૈન મંડળના મકાનોના નિર્માણ માટેની સહાયના મુખ્ય દાતા હતા, **શેઠ શ્રી ખુબચંદ સરૂપચંદ** જેઓએ ઉકત આયોજનાર્થે **સંસ્થાને રૂા.૭૫,૦૦૦/- નું માતબર દાન આપ્યું હતું.** તેઓશ્રીના અનેક સત્કાર્યોમાં આ બાદશાહી સખાવત મોરપીંછ સમાન સાબિત થઈ હતી. **શ્રી પાટણ જૈન મંડળના બિલ્ડીંગ નં.૩ ને 'શેઠ ખુબચંદ સરૂપચંદ નિવાસ'** નામ આપેલ છે. મુંબઈમાં ઉત્કૃષ્ટ પર્યાવરણ અંતર્ગત સસ્તા ભાડાના મકાનોનું ખાતમુહુર્ત સ્વતંત્ર ભારતના **લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલ**ના વરદહસ્તે **તા.૭-૧૨-૧૯૩૮** ના મંગળ પ્રભાતે વિશાળ જનસમુદાય તથા **શ્રી હેમચંદ મોહનલાલ ઝવેરી, શ્રી બાબુભાઈ મણીલાલ ચોકસી, શ્રી ફતેહચંદ લલ્લુભાઈ શાહ, શ્રી ખુબચંદ સરૂપચંદ શાહ તથા અન્ય મહાનુભાવો**ની હાજરીમાં સંપન્ન થયું હતું. શેઠ ખુબચંદ સરૂપચંદ શાહના હૈયે અને હોઠે અહર્નિષ સંસ્થાનું હેત અને હિત વસેલા હતા. **શ્રી પાટણ જૈન મંડળ બોર્ડીંગ** તથા **શ્રી પાટણ પંચાયત ફંડ** હસ્તકના ભંડોળોએ પણ આગવી સહાય પુરી પાડી હતી. **શ્રી મોરારજીભાઈ દેસાઈ**ના વરદ હસ્તે **રવિવાર, તા.૨૮-૦૧-૧૯૪૦** ના રોજ મકાનોને ખુલ્લા મુકાયેલ જાહેર કરવામાં આવ્યા હતા. ૯૯ વર્ષના પટ્ટે મેળવાયેલ જગ્યામાં નિર્માણ કરાયેલ આ રહેઠાણ યોજના પાછળ મુખ્ય આશય હતો કે પાટણના જૈન ભાઈઓ સુખાકારીવાળી જગ્યામાં રહી વસુધૈવ કુટુમ્બકમની ભાવનાને કેળવી શકે અને ઉત્તરોત્તર સમાજના અન્ય કુટુંબો પણ તેનો લાભ મેળવી તે દ્વારા સમાજના સર્વનો વિકાસ થાય. મંડળની પ્રવૃત્તિના કેન્દ્રસ્થાનસમા મરીન ડ્રાઈવ પરના આ મકાનો આજે પણ પાટણની પ્રભુતાની છડી પોકારી રહ્યા છે.

**વર્ષ ૧૯૪૨** ની લડાઈ વખતે **શ્રી પાટણ જૈન મંડળ**ના ત્રણેય મકાનો સાથે **રસિકનિવાસ** પણ સરકારે લઈ લીધુ હતું. ત્યારબાદ તેઓ ચોપાટી ઉપર પુનમચંદ ઘાસીરામ બિલ્ડીંગમાં રહેવા ગયા. **૧૯૪૧** માં દુર્ભાગ્યવશ શેઠશ્રી ખુબચંદ સરૂપચંદને કેન્સરનો મહાવ્યાધિ લાગુ પડયો. ડોકટરોની અથાગ મહેનત છતાં પણ તેઓ બચી શકયા નહિ. મુંબઈ મધ્યે વર્ષ ૧૯૪૪ માં તેઓ અવસાન પામ્યા.

**શેઠશ્રી ખુબચંદ સરૂપચંદ શાહ, શ્રી પાટણ જૈન મંડળમાં સને ૧૯૩૯ થી ૧૯૪૪ સુધી ટ્રસ્ટી રહ્યા હતા. જીવનના અંત સુધી શ્રી ખુબચંદ સરૂપચંદ શાહ પાસે યુવાનીનું જોશ હતું. ધ્યેયની સ્પષ્ટતા હતી અને નિષ્ઠાની તાકાત હતી. વિલ હતું વિઝન હતું** તેઓ માનતા કે **મુળ જો મજબુત અને બરાબર હોય તો થડ, ડાળીઓ કે પાંદડાઓને કોઈ વાંધો આવતો નથી.** આવુ વિરલ વ્યકિતત્વ ધરાવતા પ્રેરણાદાતા શેઠ શ્રી ખુબચંદ સરૂપચંદ શાહને યાદ કરી સંસ્થા શ્રધ્ધાના સુમન સમર્પિત કરે છે.

✷ ✷ ✷

## શુભ વિવાહ

**સંવત ૨૦૬૯ વૈશાખ વદ ૧૦, સોમવાર તા. ૦૩-૦૬-૨૦૧૩**

શ્રી દિલીપભાઈ હિંમતલાલ શાહના સુપુત્ર **ચિ. ભાવિન** (પોળની શેરી)

શ્રી કલ્પેશભાઈ મનસુખલાલ શાહની સુપુત્રી **ચિ. ચિંતની** (સુરત)

**સંવત ૨૦૬૯ અષાઢ સુદ ૫, શનિવાર તા. ૧૩-૦૭-૨૦૧૩**

શ્રી હિતેષભાઈ છોટાલાલ શાહના સુપુત્ર **ચિ. મયૂર** (શિકાગો)

શ્રી નીતિનભાઈ જયંતીલાલ શાહની સુપુત્રી **ચિ. જેસિકા** (ખેતરવસી)



## નિખાલસ પ્રેમ

માત્ર અઢી અક્ષરનો બનેલો શબ્દ, પ્રેમ અજબગજબની શક્તિ ધરાવે છે. સાચો પ્રેમ મળતાં જ લોકોના બદલાઈ સુધરી જાય છે. પ્રેમ અને પ્રેમ શબ્દ બંન્ને અદ્‌ભુત છે. આ શબ્દ એવી વ્યાખ્યા છે કે એમાં સરવાળો અને ગુણાકાર હોય તો મજા જ મજા અને ભાગાકાર અને બાદબાકીની કલ્પના કદીય ન કરી શકાય. જ્યાં સુધી આ જગતમાં સૂરજનો પ્રકાશ અને ચંદ્રની શીતળ ચાંદની રહેવાની, દરિયામાં પાણી ભરપૂર રહેવાનું, ત્યાં સુધી પ્રેમનું અસ્તિત્વ આ જગતમાં કાયમ રહેવાનું, રહેવાનું અને રહેવાનું જ.

'પ્રેમમાં એવી તો હોય છે શી અસર કે,
બે દિલ જોડાય છે એક પણ સાંધા વગર.'
'ફક્ત એક જ ટકો કાફી અને પૂરતો છે મહોબ્બતમાં,
ને નવ્વાણું ટકા ખર્ચી નાખ હિંમ્મતમાં.'

આ દુનિયા માત્ર પ્રેમ ગીત સિવાય બીજું કશું નથી. સફળતાનો પર્યાયવાદી શબ્દ જ પ્રેમ છે. ઑલમ્પિક્સ રમતમાં એ રમતવીર જે સુવર્ણચંદ્રક મેળવે છે તેને રમત માટે બીજા બધા ખેલાડીઓથી વધુ પ્રેમ હોય છે. તેથી જ કામકાજમાં, વ્યવહારમાં જે વિચાર આવશે તે બધી પ્રવૃત્તિમાં પણ સફળતા એટલે પ્રેમ જ.

ફૂલો કરમાઈ શકે છે, સૂરજ અસ્ત દરરોજ થાય છે, પણ પ્રેમ ક્યારેય ભૂલાતો નથી.

પ્રેમ કોઈ કોમ્પીટીશન કે પરીક્ષા નથી, પણ એક શુદ્ધ એવી લાગણી છે કે જે પોતાના કરતાં બીજાની કાળજી કરે છે. મા, બહેન, ભાઈ, પતિપત્નીનો નિસ્વાર્થ પ્રેમ શું બતાવે છે ! ફક્ત નિખાલસ પ્રેમ જ.

તાજમહાલ, નાજુક દિલ, ગુલાબ, વેલેન્ટાઈન ડે અને આ જગતમાં રહેતી મનગમતી વ્યક્તિ માટે સદાય પ્રેમ વરસ્યા કરે છે.

અઢી અક્ષરનો શબ્દ પ્રેમ અને તેને પ્રેમથી અભિવ્યક્ત કરવામાં શું કામ કંજુસાઈ કરવાની ! પ્રેમ જેટલો એક બીજાના વિશ્વાસે આપશો, લેશો, તેટલી હદે તેનામાં વૃદ્ધિ થતી જ રહેવાની જ.

દરિયામાં ઓટ આવી શકે, ધંધામાં ખોટ આવી શકે, નદીની પૂરની માફક, વહેણની માફક પ્રેમ વહાવતા જ રહેવાનું, પ્રેમમાં ઓટ આવવાનો અવકાશ જરાય પણ નથી જ.

પ્રેમના પારખા ન હોય, પ્રેમ લૂંટાય નહિ, પ્રેમનો બીજો કોઈ પર્યાયી શબ્દ નથી. પ્રેમ કર્યો હોય તેને સાચે જ ખબર પડે, પ્રેમ એટલે પ્રેમ જ. પ્રેમ શું છે એ સમજાતું હોય, પ્રેમની કોઈ મૂર્તિ બનાવવી હોય, કોઈ લાગણીભર્યો સહકાર આપવો હોય, તો સદાય સ્વાર્થ વગરનો નિતરતો, વરસતો, મહેકતો, ઝાકળ જેવો સ્વચ્છ પ્રેમ, માથી ચડિયાતો બીજો એક પણ પ્રેમ નથી. તે દરેકના જીવનમાં હરપળે સમજાય છે, મહેસૂસ થાય છે, અનુભવાય છે પછી તે જીવતા હોય કે પરલોકે સિધાવ્યા હોય.

પોતાના જીવનની દરેક પળ, દરેક બાબત પ્રત્યે, આપણને નિખાલસ સતત પ્રેમ થવો જ જોઈએ, એની શરૂઆત ન કરી હોય તો આળસ કર્યા વગર તન, મન, દિલથી પ્રેમની શરૂઆત કરીએ.

**☐ શ્રી વર્ધમાનભાઈ નગીનદાસ શાહ**

## ના કોઈ ઓળખે લગીર

*તેં કરી સખાવત કરોડોની,*
*તક્તિઓ લાગી બધે તારા નામની,*
*મેં નથી તોડી ઝુંપડી કોઈ ગરીબની,*
*ભલે મને ન કોઈ ઓળખે લગીર...૧*

*તે સદાવ્રતો ખોલ્યા ઠેર ઠેર,*
*તારા નામનો થાય જય જયકાર,*
*મેં નથી ઝુંટવ્યો રોટલો કોઈ ગરીબનો,*
*ભલે મને ન કોઈ ઓળખે લગીર...૨*

*તેં મંદિરો ચણ્યા દેવના ઘણા,*
*થાય દિવાઓ મહીં નામ તારું ઝળહળા,*
*મેં નથી ઓલવ્યો દીવો કોઈ રાંકનો.*
*ભલે મને ન કોઈ ઓળખે લગીર...૩*

*તેં બંધાવી હૉસ્પિટલો ગામેગામ ઘણી,*
*લોકો વાપરે કાંખઘોડી તારા નામની,*
*મેં નથી છીનવી લાકડી કોઈ અપંગની,*
*ભલે મને ન કોઈ ઓળખે લગીર...૪*

**☐ શ્રી પ્રતાપ સૂરજમલ શાહ**


**શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

ટાંગડિયા વાડો, પાટણ-ફોન : ૦૨૭૬૬-૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- ● સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ : રૂા. ૩૧,૦૦૦/- ● દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦-જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**

● સૌજન્ય : **મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કું., મુંબઈ** ●

ADVT

# DETAILS OF CORPUS AND SAHAY FOR SENIOR CITIZEN

| FUNDS & DONORS' NAME | As on 30/6/13<br>Corpus Rs.in Lacs | Year ending 2012-13 31st March 2013<br>Appli. Recd | Requirement Rs.in Lacs | Sanction Rs.in Lacs |
|---|---|---|---|---|
| **Shri Kesarichand Jesinglal Shah** | **20.67** | | | |
| **Smt Kantaben Chimanlal Shah** | **7.50** | **119** | **21.06** | **9.61** |
| **Smt Kalaben Laxmichand Zaveri** | **7.50** | | | |
| **Senior Citizen Fund Mandal** | **60.84** | | | |
| **Grand Total** | **96.51** | | | |

- *Yearly interest income @8.75% of the Rs.96.51 lacs corpus fund will be Rs.8.44 lacs while sahay given Rs.9.61 lacs plus administrative expenses Rs.1.92 lacs.*
- *To meet the above Rs. 3.09 lacs deficit, corpus fund is required to be increased.*

# DETAILS OF CORPUS AND SAHAY FOR VIKLANG SAHAY

| FUNDS & DONORS' NAME | Corpus Rs.in Lacs | Appli. Recd | Requirement Rs.in Lacs | Sanction Rs.in Lacs |
|---|---|---|---|---|
| **Shri Alkesh Badrakumar Shah Memorial Trust** | **9.05** | **27** | | **5.92** |
| **Shri Panalal Mafatlal Chudgar Cheritable Trust** | **11.70** | | | |
| **Smt. Niruben Sevantilal D. Shah** | **7.62** | | | |
| **Viklang Utkarsh Fund Mandal** | **35.63** | | | |
| **Grand Total** | **64.00** | | | |

- *Yearly interest income @8.75% of the Rs.64.00 lacs corpus fund will be Rs.5.60 lacs while sahay given Rs. 5.92 lacs plus administrative expenses Rs.1.19 lacs.*
- *To meet the above Rs. 1.51 lacs deficit, corpus fund is required to be increased.*

# DETAILS OF CORPUS AND SAHAY FOR ARTHIK / BHADA SAHAY

| FUNDS & DONORS' NAME | Corpus Rs.in Lacs | Appli. Recd | Requirement Rs.in Lacs | Sanction Rs.in Lacs |
|---|---|---|---|---|
| **Aarthik Sahay :** Smt. Motiben Manilal Zaveri | 18.94 | 84 | 16.19 | 6.18 |
| Bhada Sahay | | 101 | 6.59 | 3.00 |
| **Aarthik Sahay Fund Mandal** | 33.88 | | | |
| **Grand Total** | **52.82** | | | 9.18 |

- *Yearly interest income @8.75% of the Rs.52.82 lacs corpus fund will be Rs.4.62 lacs while sahay given Rs.9.18 lacs plus administrative expenses Rs.1.83 lacs.*
- *To meet the above Rs. 6.39 lacs deficit, corpus fund is required to be increased.*

# DETAILS OF CORPUS AND SAHAY FOR MAHILA UTKARSH

| FUNDS & DONORS' NAME | Corpus Rs.in Lacs | Appli. Recd | Requirement Rs.in Lacs | Sanction Rs.in Lacs |
|---|---|---|---|---|
| Late Kanchi Jatinkumar Zaveri (Sheba) | 14.52 | 38 | 6.19 | 3.20 |
| **Mahila Utkarsh Fund Mandal** | 2.80 | | | |
| **Grand Total** | **17.32** | | | |

- *Yearly interest income @8.75% of the Rs.17.32 lacs corpus fund will be Rs.1.52 lacs while sahay given Rs.3.20 lacs plus administrative expenses Rs.0.64 lacs.*
- *To meet the above Rs. 2.32 lacs deficit, corpus fund is required to be increased.*

## અહંકાર

- તમારામાંથી સંપૂર્ણપણે અહંકાર નષ્ટ થઈ ગયો હોય તો કોઈ પણ ધર્મગ્રંથનું એક પણ વાક્ય વાંચ્યા વગર, કોઈ પણ મંદિરના પગથિયાં ચડ્યા વગર તમે જ્યાં પણ બેઠા હશો ત્યાં જ તમને મોક્ષ પ્રાપ્ત થઈ જશે.
- તમારા અહંકારને સમૂળ નષ્ટ કરી તમને વિશ્વવ્યાપી બનાવવા માટેના એક માત્ર ધ્યેયને કારણે સઘળી ધર્મ કલ્પનાઓ ઉત્પન્ન થઈ છે.
- સુખ આપણી ભીતર જ છુપાયેલું છે તેને બહાર શોધવું વ્યર્થ છે. અહંકાર છોડ્યા વગર એની પ્રાપ્તિ શક્ય નથી.
- એવો અહંકાર, અહંકાર ન કહેવાય જે આત્માનું ગૌરવ વધારે અને એવી નમ્રતા શું કામની જે આત્માને હીન બનાવે.
- જે વ્યક્તિ લેશમાત્ર પણ અહંકાર કરે છે તેનું એક દિવસ પતન નક્કી થાય છે.

## આ દેશ તો ચાલી રહ્યો છે !

એક એક નેતા ગજબનો ફૂલીને ફાલી રહ્યો છે,
એક નેતા બીજાનો હાથ ઝાલીને ચાલી રહ્યો છે.
દિલમાં છે ભારોભાર ખંધાઈ, ને મુખમાં છે પ્રજાની સેવાના વચનો
હઠાવો જો સહેજ પડદો, તો અસલ દેખાય એમનો ચોકો.
ખૂનખરાબી, અર્થકાંડો, કૌભાંડો માટે આક્રંદ કરતા લોકો
પણ માણસાઈનો દીવો અંતરમાં ઓલવી, એશોઆરામ કરતા નેતાઓ.
'સત્ય મેવ જયતે'ના નારા સાથે ગાંધીને તિજોરીમાં ભરતા રહે,
પ્રજામાં લોકપ્રિય બનવા અહીંથી ત્યાં ઉડાઉડ કરતા રહે.
જે જેલમાં હોવા ઘટે, તે મહેલોમાં મહાલતા રહે,
કામ ચાલે ત્યાં લગી, ગીત ગાંધીનું ગાતા રહે.
